સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

લોન અને ઉધારી દ્વારા દેશની ગાડી પાટે છે,
છતાં પાડોશીને પંપાળી પરાણે પ્રીત ખાટે છે.
વાટે-ઘાટે ચર્ચાય નકલી નોટોના વ્યવહાર -
ઉપાધ્યાયને આપે આટો ઘરમાં ઘંટી ચાટે છે...
(વિવિધ દેશોને કરોડોની લ્હાણી)

હાઈકુ

ખાય ડચકાં
અનિશ્ચિતતા માટે
બાપુની ગાડી!

બે બાપુ વચ્ચે -
ખંચાઈ તલવાર -
પહેલે આપ...

ચિંતન

यद्दूरं यद्दुराराध्यं यज्ञश्च दूरे व्यवस्थितम् ।
तत्सर्गं तपसा साध्यं तपो हि दुरतिक्रमम् ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

જે વસ્તુ ખૂબ દૂર છે, જેને મેળવવા આકરી તપસ્યા કરવી પડે છે, અને જેનું અસ્તિત્વ છે, પણ ત્યાં પહોંચવા માટે ખૂબ મહેનત કરવી પડતી હોય છે એ તમામ વસ્તુને આકરા તાપ દ્વારા જ મેળવી શકાય છે.

ઘણીવાર કોઈ વસ્તુને જોઈને આપણને થાય છે આ કરવું મારા માટે શક્ય નથી. તેને જોઈને લાગે છે કે તેને મેળવવી અઘરી નથી, પણ આ અશક્ય જ છે. જો તમે એવું માનતા હો. તો તમે ખોટું વિચારો છો. ચાણક્ય કહે છે કે જેનું ખરેખર કોઈ અસ્તિત્વ છે; તેવી એકેય વસ્તુ એવી નથી કે જે મેળવી ન શકાય. તેની પૂર્વશરત માત્ર એટલી જ છે કે વ્યક્તિ અથાગ્ પરિશ્રમ અને આકરા તપ દ્વારા જ તેને મેળવી શકે છે, તેને લાયક બની શકે છે.

કોઈ પણ વસ્તુ તક, સફલતા સખત પરિશ્રમ - તપ દ્વારા જ મળે જ છે.

સુવિચાર

- પ્રસંગે નોતરું દેવા છતાં કોઈ ના આવ્યું, મારા સળગતા ઘરને જોવા કેવું આખું ગામ આવ્યું - **રવિ સાંઈ**
- 'કાનૂન' સિર્ફ બૂરે લોકોં કે લીયે હોતા હૈ, અચ્છે લોગ તો 'શર્મ' સે હી મર જાતે હૈ - **જન્મભૂમિ**
- દુઃખની વચ્ચે જીવવાની એક જ બે - ત્રણ રીત છે, સામનો કર,
  સબર કર કે પછી ફરિયાદ કર - **બરક વિરાણી**
- શેરડીમાં જયા ગાંઠ હોય છે ત્યાં રસ નથી હોતો અને જયાં રસ હોય ત્યાં ગાઠ નથી હોતી...
  જીવનમાં સંબંધોનું પણ આવું જ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસનું ભવિષ્ય તેના સ્વભાવ અને વ્યવહાર પર નિર્ભર હોય છે, બાકી...
  મહેનત અને આવડત તો ચોરી કરવા આવેલા ચોરોમાં પણ હોય છે - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : આમલીના નવશેકા કાઢામાં સંચળ ભેળવી સવાર સાંજ સેવન કરવાથી ઉધરસ મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

માણસે પોતાનું કર્તવ્ય બજાવવું જોઈએ બીજા શું કરે છે, ફરજ કેમ નથી બજાવતા તે જોવાની જરૂર નહીં.

એક સાચા સંત હતા. વર્ષોથી ભક્તિભાવને કઠિન તપ કર્યા. જીવતાં જ એમનો મોક્ષ થયાની ભાવના ભીતરમાં ઉદ્ભવતી હતી. એમને લાગ્યું કે હવે આ શરીરને જીવતું રાખવામાં કોઈ લાભ નથી. તેઓ એક પહાડ પર પહોંચ્યા અને કુદકો મારી જીવન ત્યાગ કરવામાં હતાં, ત્યાં ભીતરમાંથી અવાજ આવ્યો, 'અરે, આ શું કરો છો ? પોતાના માટે મોક્ષના દ્વાર ખુલી ગયા તેથી શાંતિ મળી ગઈ! પણ આ સળગતા સંસારને જુઓ, આ જગત પર વસતા કરોડો લોકો ઉપર તમને દયા નથી આવતી ?? શું એમના દુઃખ, દર્દની બાબતો તમારું કોઈ કર્તવ્ય નથી ? આગળ વધો આ સળગતા સંસારમાં કોઈકની આગ ઠારવાનો પ્રયાસ કરો...' ત્યાં ફરી કોઈ ગેબી અવાજ સંતની ભીતરમંથી આવ્યો, 'હું નાનું ટીપું વિશાળ સંસારની આગ કેવી રીતે ઓલવી શકીશ?' ત્યારે ફરી સંતના ભીતરથી અવાજ આવ્યો, 'આ અગ્નિ ઓલવાય કે ન ઓલવાય. તમારું કર્તવ્ય એ છે કે એને ઓલવવાનો પ્રયત્ન કરવો, ભલેને તમે એવું કરતા રાખ થઈ જાઓ, પરંતુ સાચું કર્તવ્ય એ જ છે.'

સંતે જીવનનો અંત કરવાનું મોકુફ રાખ્યું.

વેળા વેળાની છાંયડી : સમય બડા બલવાન

તંત્રીસ્થાનેથી...

છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨નો દિવસ ભારતીય ઈતિહાસમાં યાદગાર દિવસ તરીકે અંકિત થઈ ગયો છે. હિંદુત્વના કટ્ટર સમર્થકોને મને એ સુવર્ણક્ષરે અંકિત થયેલ ઐતિહાસિક ઘટના હતી, શિવસેના જેવા રાજકીય પક્ષે એનો જાહેરમાં જશન મનાવ્યો હતો, પરંતુ એ ઘટનાના સાક્ષી રહેલા ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને સોમનાથથી અયોધ્યા સુધીની રામજન્મભૂમિ રથયાત્રાના મહાનાયક લાલકૃષ્ણ અડવાણીએ દિવસને કમનસીબ કાળા દિવસ તરીકે ઓળખવવાનું પસંદ કર્યું હતું. બાબરી મસ્જિદ વિવાદ સૈકાઓથી ચાલ્યો આવતો હતો જેનો પોતાના રાજકીય હિતમાં બુદ્ધિપૂર્વક વિનિયોગ કરવાનો નિર્ણય અડવાણીને નેતૃત્વ હેઠળની કેસરિયા પાર્ટી ઉપરાંત બજરંગ દળના આગેવાનો દ્વારા લેવાયો હતો તે વિશે ભાગ્યે જ કોઈ ઈનકાર કરી શકશે. તે વખતે દિલ્હીમાં પી.વી. નરસિંહરાવની સરકાર હતી અને તત્કાલીન ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી કલ્યાણસિંહે સોગંદનામું રજૂ કરી બાબતી મસ્જિદની સુરક્ષાની જવાબદારી લીધી હતી. આમ છતાં સીબીઆઈના સંશોધનને માનીએ તો પૂર્વ આયોજિત કાર્યક્રમ મુજબ છઠ્ઠી ડિસેમ્બરે વિશ્વ હિંદુ પરિષદના અને બજરંગ દળના ઉત્સાહી કાર્યકરો એ 'જય શ્રીરામ'ના નારાઓ સાથે બાબરી ધ્વંસની ઘટનાને અંજામ આપ્યો જેમાં કેટલાક ભારતીય જનતા પાર્ટીના અગ્રણીઓની ઉશ્કેરણી જવાબદાર હતી. જો કે લાલકૃષ્ણ અડવાણી અને મુરલીમનોહર જોશી જેવા વરિષ્ઠ નેતાઓએ પોતે કાર્યકરોને કાયદો હાથમાં નહીં લેવા સમજાવ્યાં હોવાનું કહેવાય છે, પરંતુ ઉમાભારતી તો એ કર્મકાંડમાં સક્રિય હતાં એટલું જ નહીં, એ બદલ એમને ગૌરવ અનુભવતાં હોવાનું નિવેદન પણ કર્યું હતું. એ વખતે પી.વી. નરસિંહ રાવ ચૂપચાપ દિલ્હી ખાતેના વડાપ્રધાન નિવાસમાં ભરાઈ રહ્યા હતા અને આખી ઘટના પ્રત્યે આંખ આડા કાન કરી જે થાય તે થવા દેવાની કૂટનીતિ અપનાવી હતી. મુખ્યમંત્રી કલ્યાણ સિંહે સોગંધનામું કર્યું હોવા છતાં નજર સામે બાબરીધ્વંસ થવા દીધો, એ હકીકતથી કોઈ અજાણી નથી. નરસિંહરાવ આ જ કારણસર કોંગ્રેસમાં અપ્રિય બની ગયા અને મુસ્લિમ વોટબેંક કોંગ્રેસના હાથમાંથી સરકી ગઈ. બાબરો ભૂત ધૂણે એમ આ બાબરી આટલાં વર્ષો પછી પણ સતત ધૂણતી રહી છે જેનો રાજકીય લાભ અને ગેરલાભ વારાફરતી કોંગ્રેસ અને ભાજપને ઉઠાવવો પડ્યો છે. ઉત્તરપ્રદેશમાં પ્રાદેશિક પાર્ટીઓનું શાસન પ્રસ્થાપિત કરવા પાછલ પણ આ ઘટનાનો સિંહફાળો રહ્યો છે. આટલાં વર્ષો પછી સુપ્રીમ કોર્ટના આદેશથી સીબીઆઈ કોર્ટમાં અડવાણી, મુરલી મનોહર જોશી અને ઉમા ભારતી જેવા વરિષ્ઠ નેતાઓને હાજરી ભરવાના દિવસો આવ્યા છે, તે આપણા જાહેર જીવનની અને વિશેષ તો લોકશાહીની વિશિષ્ટ તાસીર દર્શાવે છે. કલ્યાણસિંહ હાલ રાજસ્થાનનાં રાજયપાલ તરીકે સેવાઓ આપતા હોઈ એમની સામે કેસ ચલાવાનો નથી પરંતુ રાજયપાલ પદેથી મુક્ત થતાંની સાથે એમને પણ સીબીઆઈ કોર્ટમાં હાજર થવું પડશે. અડવાણી અને જોશી માટે તો એમની કારકિર્દીનો અંત જ આવી ગયો. ગણાય. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પૂર્વે અડવાણી વડાપ્રધાન પદનાં સપનાં જોતા હતા. એ વખતે નરેન્દ્ર મોદીના નામ પર સહમતી સધાતાં વરિષ્ઠ નેતા માટે ભવિષ્યમાં આવનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં તક મળવાના અણસાર વરતાયેલા. બેઉ સિનિયર નેતાઓ રાષ્ટ્રપતિની ખુરશી ભણી આશાભરી નજરે ટીકી રહ્યા હતા અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગુડ બુકમાં રહેવા કોશિશ કરી રહ્યા હતા. એવામાં આ સીબીઆઈવાળું કમઠાણ ઊભું થતાં એમની એ આશા પર પાણી ફરી વળ્યું. કેસનું પરિણામ સજા સ્વરુપે પણ આવી શકે છે. રાષ્ટ્રપતિ પદનાં સપનાં જોતા સિનિયર નેતાઓને ઢલતી વયે અદાલતોના આંટાફેરા મારવાનો વારો આવે એથી મોટી કમનસીબી કઈ હોઈ શકે ? બનવાજોગ કે ઉમાભારતીને પ્રદાનપદું પણ છોડવું પડે. આનું જ નામ તે સમય !

દુઃખી માણસનું દુઃખ દૂર કરવું એ જ સાચી પૂજા છે

નવાં કલેવર
નટવર હેડાઉ

સવાર સવારમાં મીનાક્ષીબેન છાપામાં આવેલ સનસનાટીવાળા મસાલેદાર સમાચારો પર નજર ફેરવતાં હતાં. તેવામાં જાળી ખોલી સાવિત્રી એ બેઠકરૂમમાં પ્રવેશ કર્યો અને સામે આવી ઊભી રહેતાં કહ્યું.

'જય માતાજી, બહેન, દર મહિને તમારી પાસે જે રૂપિયા હું જમા રાખું છું તે મારે જોઈએ છે.' 'હાં, લઈ જજે, પણ આજ અચાનક કેમ તેની જરૂર પડી ગઈ ?'

'બહેન, મારે ગામડે જઈ માતાજીને ચુંદજી ચડાવવી છે અને માનતા પુરી કરવી છે.' સાવિત્રીએ કહ્યું. 'ઓહ, ભલે ભલે કંઈ વાંધો નહીં, પણ માનતા શેની માનેલી ? મીનાક્ષી બહેને પૂછ્યું.'

'એ તો વર્ષો પહેલાં મારો ઘરવાળો બહુ બિમાર થઈ ગયેલોને ત્યારે માનેલી, પણ મારી પાસે એટલા રૂપિયા જ ભેગા થતા નહોતા કે જઈ શકું.' સાવિત્રી એ ચોખવટ કરી.

વરસોથી રાખેલી ઈચ્છા પુરી થવાની આશાએ સાવિત્રીનો ચહેરો ખીલી ઊઠ્યો. બે દિવસમાં પાછા આવી જવાનું કહી સાવિત્રી ચાલી ગઈ.

બીજા દિવસે સાવિત્રી રજા પર છે એ વાત યાદ આવતાં છાપામાં સાડીઓ અને ઘરેણાની આકર્ષક જાહેરાતોનો મોહ છોડી મીનાક્ષીબેન રસોડામાં જવાના જ હતા ત્યાં સાવિત્રીનો અવાજ સંભળાયો. 'બહેન.'

મીનાક્ષીબહેન ચોંકીને બારણાં રફ જોયું તો સાવિત્રી ઊભી હતી. તેમણે ખુશી મિશ્રિત આશ્ચર્યથી પુછ્યું, 'અરે, સાવિત્રી, તું, તું તો ગામડે માતાજીને ચૂંદડી ચડાવવા જવાની હતી ને, તેનું શું થયું ?' સાવિત્રી પાસે આવીને તે બેસી ગઈ. પછી વાત શરુ કરી. 'બેન, ગઈ તો હતી પણ રસ્તામાં એક એવો બનાવ બન્યો કે અડધેતી પાછા આવી જવું પડ્યું.'

'એવું તે શું બન્યું ? તું મારી માનતા પુરી કરી ન શકી?'

થોડીવાર અટકી પછી સાવિત્રીએ કહ્યું, 'બહેન, ખબર નહીં માતાજીની ઈચ્છા શું હશે? માંની મરજી વગર કંઈ થાય ખરું. કાલે સાંજે બસમાં ગામડે જવા નીકળેલી. બસમાં મારી સાથે એક યુવતી અને તેની માં પણ જલ્દી જલ્દી ચડ્યા. મારી પાસે થોડી જગ્યા હતી. યુવતી મારી પાસે આવીને બેસી ગઈ. યુવતીની માં એ મને કહ્યું, 'મારી દિકરી લક્ષ્મી તેના આસરે જઈ જઈ રહી છે. તેના બાપુ બિમાર છે તેથી તેને એકલી જ મોકલી રહી છું. તમે તેનું જરા ધ્યાન રાખજો તો મને ચિંતા ઓછી થઈ જશે. મેં વ્હાલથી લક્ષ્મીના માથા પર હાથ ફેરવીને કહ્યું 'તમે જરાય ફિકર ના કરો, હું તેને સહી સલામત ગામડે પહોંચાડી દઈશ.'

રસ્તામાં વાતચીત કરતાં અમે એકબીજાનાં સાથે ખૂબ હળીમળી ગયા.

હજુ માંડ એકાદ કલાક થયો હશે ત્યાં એક બાઈકવાળાને બચાવવા જતાં બસ ઝાડ સાથે અથડાઈ પડી. લક્ષ્મીનું માથું બસની બારી સાથે ટકરાયું અને બારીનો કાચ ટૂટીને તેના માથામાં ઘૂસી ગયો. માથામાંથી એકદમ લોહી વહેવા લાગ્યું. લક્ષ્મી અર્ધબેભાન હાલતમાં હતી. હું તરત તેને લઈ એ ગામમાં ઊતરી ગઈ. અમુક લોકોની મદદથી તેને દવાખાનામાં દાખલ કરી. ખાનગી દવાખાનું હોવાથી દવાખાના વાળાએ હજાર રૂપિયા માંગ્યા. હું અસમંજસમાં ઘડી ભર અટવાઈ ગઈ. એક બાજુ માતાજીની માનતા પુરી કરવાની મારી ઈચ્છા હતી અને બીજી તરફ તે માસૂમ યુવતી લગભગ બેભાન હાલતમાં પડી હતી. કાં તો માનતા પૂરી થાય અથવા હું માસૂમ યુવતીનો ઈલાજ કરાવી શકું. હું મનમાં ને મનમાં માતાજીનું સ્મરણ કરવા લાગી. અચાનક મને એવું લાગ્યું કે લક્ષ્મીનો ચહેરો માતાજીના ચહેરામાં બદલાઈ ગયો છે અને જાણે માતાજી કહી રહ્યાં છે. સાવિત્રી તારી માનતા પુરી થઈ ગઈ છે. કોઈને મદદ કરવી એ જ સાચી ભક્તિ, પૂજા છે.

અનુસંધાન પાના નં. ૭ પર

પ્રેમનો સ્વીકાર અથવા અનાદર

ગુલમહોર
દિનેશ દેસાઈ

મહાન હિન્દી સાહિત્યકાર મુનશી પ્રેમચંદજી (૧૮૮૦-૧૯૩૬)એ લખ્યું છે કે ''જ્યારે કોઈ વ્યક્તિ પોતાના પ્રેમનો એકરાર કરે છે, ત્યારે એ તો હળવોફૂલ થઈ જાય છે. હવે સામી વ્યક્તિએ પ્રેમનો સ્વીકાર અથવા અનાદર કરવાનો વારો હોય છે.''

પ્રેમ માત્ર વ્યક્ત કરવાથી થઈ ગયો એવું નથી. પ્રેમનો સ્વીકાર પણ

પ્રેમના સ્વીકાર યા અનાદરથી જરા જુદી ફિલિંગ્સ્ એટલે વધારે પડતો પ્રેમ, વધારે પડતો પ્રેમ કદાચ પ્રેમને જ ગુંગળાવી નાખે અથવા મુરઝાવી નાખે છે

થવો જોઈએ. પ્રેમનો અનાદર થવો એ પણ સંજોગોને આધીન બાબત છે. પ્રેમનો અનાદર થાય ત્યારે કોઈ નકારાત્મક ભાવનાઓને તાબે થવું જોઈએ નહીં. લેખક પ્રેમચંદજી પોતાના જીવનનો મોટો ભાગ ગંગા ઘાટે એટલે કે વારાણસીમાં જ રહ્યા. તેમની કૃતિઓ પરથી હિન્દી ફિલ્મો પણ બની છે.

એક નાનકડી પણ હૃદયસ્પર્શી કથા છે. એક યુવકને પોતાની કોલેજમાં ભણતી યુવતી ગમવા માંડી. તે એની આગળ-પાછળ રહેવા પ્રયાસ કરે અને ક્યારેક વાતચીત કરવાનો પણ પ્રયત્ન કરે. પરંતુ યુવતીનું તેની તરફ કોઈ રીતે ધ્યાન જતું નહીં. આવું વારંવાર બનવા લાગ્યું એટલે પેલી યુવતીએ પણ ધ્યાનમાં લીધું કે આ યુવાન કોઈકને કોઈક હરકત તો કરે જ છે. એક દિવસ યુવાને પોતાના એકતરફી પ્રેમને યુવતી સમક્ષ વ્યક્ત કરી જ દીધો.

જો કે યુવતીના તો મનમાં પણ ક્યાંય એવી ફિલિંગ્સ નહોતી. આથી તેણે પેલા યુવાનને સાફ શબ્દોમાં તેના પ્રેમના અસ્વીકારનો પ્રત્યુત્તર આપી દીધો. યુવતી તો આ બધું એક સહજ અને સામાન્ય ઘટના તરીકે ભુલી ગઈ. પરંતુ બીજી તરફ પેલા યુવાનનું કોલેજના ભણતરમાં કોઈ જ ધ્યાન લાગતું નહોતું. તેને દિવસ-રાત એ યુવતીના જ વિચારો આવ્યા કરતા, જેને પોતે એકતરફી પ્રેમ કરવા લાગ્યો હતો. તેના દોસ્તો પણ તેને તેના આ બદલાયેલા વ્યવહાર વિશે સતત કહેતા રહેતા હતા.

આવી પરિસ્થિતિમાં આગળ જતા એવું જ બન્યું, જેવું હંમેશા બનતું આવે છે. યુવાનનું ભણવામાં ધ્યાન લાગતું નહોતું. આમ થવાથી તેની પરીક્ષામાં પણ તે નિષ્ફળ રહ્યો. તેની કારકિર્દી સામે પ્રશ્નાર્થચિહ્ન પણ લાગી ગયું. બીજી તરફ યુવાન જે યુવતીને એકતરફી રીતે ચાહતો હતો તેણે તો પોતાનો અભ્યાસ પૂરો કરી લીધો અને તેનાં લગ્ન પણ થઈ ગયાં.

પ્રેમના સ્વીકાર યા અનાદરથી જરા જુદી ફિલિંગ્સ્ એટલે વધારે પડતો પ્રેમ. વધારે પડતો પ્રેમ કદાચ પ્રેમને જ ગુંગળાવી નાખે અથવા મુરઝાવી નાખે છે. પ્રેમીજન ચાહે લગ્ન થયાં હોય કે લગ્ન બાકી હોય તેમ છતા પણ જો પોતાના પ્રિય પાત્રને જરુર પૂરતી સ્પેસ ન આપે તો પણ વધારે પડતો પ્રેમ એકમેકને મુંઝવી મૂકે છે. ''તમે ક્યાં છો?'', ''આપણે ક્યારે મળીશું?'', ''તમે તો મને વોટ્સએપ મેસેજ કર્યા જ નહીં?'', ''તમે તો મારા મેસેજ રીડ કર્યા જ નહીં?'', ''તમે મારા મેસેજનો રિપ્લાય કેમ આટલો મોડો આપ્યો?'', ''તમે તો મને ફિલ્મ જોવા લઈ જ ના ગયા?'', ''તમે તો મારી સાથે ફિલ્મ જોવા આવ્યા જ નહીં?'' વગેરે ઢગલાબંધ સવાલો અને જવાબોના માયાજાળ અને ગોટાળાઓમાં એકબીજાનો માનસિક રીતે પીછો કરવો યા વ્યક્તિના વ્યક્તિત્વના એકાન્તને પણ ડિસ્ટર્બ કરવું એ બાબત આજે સામાન્ય બનેલી જોવા મળે છે.

પ્રેમમાં પણ હંમેશા યા સતત ચોવીસ કલાક સાથે રહેવાનું ન હોય. થોડા સમય માટે દરેક વ્યક્તિને એકાન્ત માણવાનું પણ મન હોય યા કોઈક કામસર કે નોકરી-ધંધાના કામે બેમાંથી એક વ્યક્તિને થોડા કલાકો માટે કે થોડા દિવસ માટે અલગ રહેવાનું થાય એવું બની શકે છે. આમ છતા જ્યારે પ્રેમીજન તેની પ્રિય વ્યક્તિને સતત વિંટળાઈને રહેવાનો આગ્રહ કરે કે જીદ કરે ત્યારે વાત ક્યારેક વણસી જતી હોય છે. પ્રેમમાં પણ એકબીજાને માન-સન્માન અને આદર આપવો મહત્વની વાત છે, એ જ પ્રમાણે પ્રેમસંબંધમાં એકબીજાને ''સ્પેસ'' પણ આપવી જોઈએ.

સ્ટોપર :

''પ્રેમ પારેવા જેવો છે. હાથમાં પકડો પણ જરા સાચવીને. જો વધુ જોરથી પકડો તો મરી જાય હળવેથી પકડો તો ઊડી જાય.''

મેરેજનું ફૂડ પાર્સલ...!! નવસો રૂપિયાની ડિશ છે સાહેબ, એમ એંઠી થોડી ફેંકી દેવાય...??

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

'હેલ્લો, અમારે ત્યાં લગ્નના જમણવાર પછી લગભગ સોએક જણાનું ભોજન બચ્યું છે. તમે એ લઈ જશો.'

ફોન પર એડ્રેસ નોંધી થોડી જ વારમાં આઠ-દસ મિત્રો એક વાન લઈ પહોંચી ગયા. કોલેજીયન મિત્રોનું એક વોટ્સએપ ગ્રુપ ચાલે છે અને તેઓ બચેલા અન્નને જરૂરિયાતમંદ સુધી પહોંચાડવાની સેવા ચલાવે.

'લોકોમાં હવે અવેરનેસ આવવા લાગી છે, નહીં ?' ભાગર્વ એના મિત્રને રસોઈ ડ્રિસ્ટ્રીબ્યુશનના કામે લગાડી ધવલ સાથે વાત શરુ કરી. 'હા દોસ્ત, મને હમણાં એક બહુ સારો અનુભવ થયો...' એમ કહી એણે વાત માંડી.

ધવલ એક લગ્નમાં ગયો હતો. સરસ મજાના ડેકોરેશન વચ્ચે ભાતભાતના કોલ્ડ્રીંગ્સ લઈ આઈસ્ક્રીમ અને સ્ટાર્ટરથી લઈ મેન કોર્સ સુધી વાનગીઓ શણગારેલી હતી. અને આ બધાની વચ્ચે એક મોટું બોર્ડ મુક્યું હતું.'

'જે થાળી ચોખ્ખી કરીને મુકેશે એને ઈનામ...' સાચ્ચે જ એંઠું મુક્યા વગરની થાળીના મહેમાનોને કન્યાના પિતાના હાથે માઈક પર જાહેરાત કરીને એને ગિફ્ટ આપી સન્માન કરાતું હતું. આ સમગ્ર સરાહનીય પ્રસંગની ચર્ચા લગ્નમાં હતી. અને આ થાળી ચોખ્ખી રાખવાનો વિચાર લગ્ન કરતી કન્યાનો હતો. જેણે એક જૈન પરિવારમાં થાળી ધોઈને પિતા સભ્યોને જોઈ આ વાત પોતાના લગ્નમાં કરવાનો નિર્ધાર કરેલો. ધવલની વાત સાંભળી ભાર્ગવ તો ખુશ થઈ ગયો.

'ખરેખર દાદ દેવી જોઈએ એ દીકરી અને એના પરિવારને કે જેઓ અન્નનું મહત્ત્વ સમજે છે. મને પણ થોડા દિવસ પહેલાં એક સજ્જન મળ્યાં હતા, એમનો કિસ્સો પણ રોમાંચક છે...'

'શેના વિશેનો ?'

'અફ કોર્સ યાર, અન્ન પરબ્રહ્મનો જ.'

અને ભાર્ગવે એને મળેલા સજ્જનરાયથી વાત મુકી. તેઓ એક લગ્નમાં ગયા હતા.

સજ્જનરાય એ લગ્નની ઝાકમઝોળ જોઈને અંજાઈ ગયા. વિશાળ લોનમાં પ્રસંગ હતો. વોલેટ પાર્કિંગ હતું. સ્વાગતમાં જ પરિવારના સભ્યો હાથ જોડી ઊભા હતા. કન્યાઓ ગુલામની પાંકડીઓ અને અત્તરનો છંટકાવ કરતી હતી. એકબાજુ લગ્નની ચોરી અને બીજી તરફ જમણવારનો જલ્સો. આવતાવેંત વેકલમ ડ્રીંક્સ સર્વ થતું હતું.

દરેક લગ્નમાં થાય છે એમણે કન્યાના મા-બાપને મળી ચાંદલાનું કવર જમણવાર બાજુ સજોડે પ્રસ્થાન કરી ગયા. જમણવારની સાજ સમજાવટ એટલે જયપુરની 'ચોખી ઢાણી' જ જોઈ લો. લગભગ ૨૫ કાઉન્ટર, એક જુઓ અને બીજું ભૂલો. બધું જ કલાત્મક ગોઠવેલું. લાઈટીંગના શેડની વધુ

ઘણાં ભોજન છે એવાં, ભાવ જેમાં કંઈ હોતા નથી,
ઘણા ભાવ છે એવા, એનાં ભોજન કંઈ હોતા નથી!

આકર્ષક લાગતું હતું. ચકાચક સફેદ વસ્ત્રો પહેરેલા વેઈટર પોતાની બહેનના લગ્ન હોય એટલી જવાબદારી પૂર્વક સેવામાં ખડેપગે હાજર હતા. લાલ સ્કર્ટ અને સફેદ ટોપવાળી રૂપાળી નેપાળી કન્યાઓ મહેમાનોનો પડ્યો બોલ ઝીલવા ટેબલે ટેબલે ફરતી હતી.

પાંચ પકવાન કોને કહેવાય? એ સજ્જનરાયને આજે ખબર પડી ગઈ. એ તો હાથમાં ડિશ લઈ બધાં કાઉન્ટર પર ફરવા લાગ્યા.

ત્યાં જે વાનગીઓ હતી એ એમના ઘરમાં ક્યારેક બનતી નહોતી કે એના નામ પર બહુ સાંભળેલા નહોતા. એમને ફટાફટ ડિશ ભરતાં જોઈ એમના પત્ની બોલ્યા પણ ખરા, 'થોડું થોડું, લો ને!, મળે છે એટલે બધુ ભરી જ લેવાનું, પછી તમે એંઠું મુકશો...'

પણ એમણે તો સાંભળ્યું ન સાંભળ્યું કરી ડિશ ભરીને એક ટેબલ ખુરશી પર જઈને ગોઠવાઈ ગયા. શાંતિથી જમવા લાગ્યા. અડધી ડિશ પતી ત્યાં તો ઓડકાર આવી ગયો. પેટ ભરાઈ ગયું. હવે વધારે નહીં જ ખાઈ શકાય એની ખાત્રી થતાં એ અડધી એંઠી ડિશ મુકવા ડસ્ટબીન બાજુ નીકળ્યા. ત્યાં એક માણસ ઊભો હતો.

એણે સજ્જનરાય સામે પ્રસન્નતાપૂર્વક જોઈને એમના હાથમાં રહેલી ડિશ લેતાં કહ્યું,

'સાહેબ, માઠું ન લગાડો તો એક વાત કહું?'

એ માણસ એટલો વિવેકી હતો અને વાત પણ વિનમ્રતાથી કરી એટલે સજ્જનરાયે હકારમાં માથું હલાવ્યું.

'આ ડિશ તમારી જ છે ને?' એમણે ફરી હકાર આપતાં એણે વાત આગળ ચલાવી,' તો પછી આ વધેલું જમવાનુંતમને પાર્સલ કરી આપું? એટલે તમે રાત્રે કે કાલે સવારે ફરી જમી શકો.'

સજ્જનરાય ચમક્યા, એમને ગુસ્સો પણ આવ્યો, અને એ ઊંચા અવાજમાં જ બોલ્યા.

'અરે થોડું જ એંઠુ મૂક્યું. વાંધો શો છે? લેતી વખતે થોડો અંદાજ ખોટો પડ્યો, એટલે શું પાર્સલ કરીને ઘરે લઈ જવાનું?'

'સાહેબ, ગુસ્સો ના કરશો...' એ હજુ પણ વિનમ્ર જ હતો.

આ એક મોટી પાર્ટીના મેરેજ છે. નવસો રૂપિયાની ડિશ છે, એટલે પૈસાની એમને ખોટ નથી. હજાર માણસના જમણવારનો ઓર્ડર છે, અમે બારસો માણસોની રસોઈ બનાવી છે, જેથી ખૂટે નહીં. એટલે ભોજન તો વધવાનું જ છે. બહાર બેઠેલા પચાસેક ભિખારી અને પચાસેકનો અમારો સ્ટાફ જમશે તો પણ અન્ન બચશે. અને હવે તમારાં જેવાં જે એંઠું મુકશે એનું શું કરવાનું? સાહેબ, પ્લીઝ મારી વાતનું માઠું ન લગાડશો. આ રસોઈ માટે ચાર દિવસની મહેનત છે. બેસ્ટ ક્વૉલિટીની શાકભાજી, ફળો અને મરી-મસાલા, ઘી ખરીદાં છે. અમારાં રસોઈયાઓ શ્રેષ્ઠ રસોઈ બનાવવા મહેનત કરે છે. એવું નથી કે અમે આ મફત સેવા કરીએ છીએ, અમને આના સારા એવા રૂપિયા મળ્યાં છે. પણ સાહેબ બધી વસ્તુઓ રૂપિયાથી નથી તોળાતી.આ તમે જે અડધી ડિશ એંઠવાડમાં નાખો છો ને, અમારો જીવ કકળી ઊઠે છે...

એટલે અમે જરા બુદ્ધિ ચલાવી, હોટેલમાં તમે જમવા જાવ છો ત્યારે વધેલા અન્નનું શું કરાવો છો? કારણ તમે ત્યાં રૂપિયા ચૂકવ્યા છે. તો પછી અહિંયા કેમ નહીં ? કારણ તમને મફત મળે છે એટલે ?

'અને, હા આ કંઈ યજમાનને ખબર નથી, અમે જાતે જ નક્કી કર્યું છે. એટલે એમને દોષ કે ગાળો આપવાની જરૂર નથી. જો તમને મારી વાત યોગ્ય લાગતી હોય તો પાર્સલ કરું, નહીં તો તમે અહિંયા પર પૂરી ડિશ ખાઈ શકો છો.'

સજ્જનરાય શરમમાં મૂકાઈ ગયા. શું બોલવું? વાત તો એની સાચી જ હતી. ભારત શું અને અન્ય દેશો, કેટલાંય લોકોને એક ટંકના ફાંફા છે, અને આપણે બિન્દાસ્ત એંઠુ નાંખીએ છીએ. બાજુમાં આવીને ઊભેલી પત્ની બોલી ઊઠી, 'એ ભાઈ સાચું કહે છે, આમને શું ખબર આપણને રસોઈ બનાવવામાં કેટલી તકલીફ પડે છે?'

ડિશ ભરીને લેવાનું અને વધે એટલે ફેંકી દેવાનું? તમે પાર્સલ કરી આપો, મહેનત - ખોરાક બધું બચશે.' એ થોડીવાર બાદ વર-વધુને આશીર્વાદ આપીને બહાર નીકળ્યા ત્યારે એમનું લગ્નનું ફૂડ પાર્સલ તૈયાર હતું!

ચૂંટલો :

પીરસાયેલા ભોજનમાં આપણે ખામીઓ શોધવામાં વ્યસ્ત હોઈએ છીએ ત્યારે કેટલાક લોકો સૂકા રોટલા માટે ભગવાનનો આભાર માનતાં હોય છે. લગ્ન મંડપની બહાર બેઠેલાં ભિખારી તમારાં એંઠા ભોજનને તપસતા હોય છે, એ પણ માણસ છે, એને ચોખ્ખું અન્ન મળે એ માટેય એંઠું ન મૂકવું હિતાવહ છે...